જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૮/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૮૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૪૫૯ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૧૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૩ બિયર ટીન, ૦૧ રિક્ષા અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૪,૪૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૧૮૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૧૮૭/૨૦૨૬**

પાલડીઃ હિતેષકુમાર જંયતીલાલ શાહ (ઉ.વ.૬૯) (રહે. પાર્શ્વનગર સોસાયટી નવા શારદા મંદિર રોડ શ્રીમદ રાજચંદ્ર મંદિર પાસે પાલડી) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૮/૨૦૨૬ રાતના ૧૧/૦૦ થી તા.૨૫/૦૮/૨૦૨૬ કલાક ૦૨/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન બે પુરૂષ હિતેષકુમાર શાહના મકાનની લોખંડની ગ્રિલના તાળાનો નકુચો તોડી એલ્યુમીનીયમ કાચની બારી ખોલી ઘરમાં પ્રવેશ કરી લાકડાના કબાટમાંથી સોના–ચાંદીના દાગીના, ભગવાનની મુર્તી તથા રોકડ રૂપિયા તેમજ ચીજવસ્તુઓ મળી કુલ કિમત રૂપિયા ૨૨,૮૮,૫૦૦/– મતાની ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.પી.ભેટારીયા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૧૮૮/૨૦૨૬**

બાપુનગરઃ બાપુનગર ચાર રસ્તા ઘંટી બસ સ્ટેન્ડ એ.બી.વિદ્યાલય સામે ગુજરાત હાઉસીંગ બોર્ડ ખાતે રહેતા રમેશકુમાર કાળીદાસ પરમાર નાઓની સગીર વયની પુત્રી એ અગમ્ય કારણસર તા.૨૪/૦૮/૨૦૨૬ સાંજના ૦૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે શારદાબેન હોસ્પીટલ ખાતે જઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેને મૃત જાહેર કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ચિરાગકુમાર ચંદુલાલ ચલાવે છે.

ઓઢવઃ મનીષાબહેન ડો/ઓ અનીલભાઇ સોલંકી (ઉ.વ.૨૮) (રહે. શિવમ અવાસ યોજના ફ્લેટ ઓઢવ) એ બીમારીથી કંટાળી તા.૨૫/૦૮/૨૦૨૬ કલાક ૦૮/૪૫ થી કલાક ૧૨/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.નકુમ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી